ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૮ ટકા

# ફાયર સેફટીમાં ગાંધીનગર બેદરકાર

## ગાંધીનગરમાં ૭૦૯ એકમમાંથી ૧૨૨ પાસે ફાયર એન.ઓ.સી. : ૫૮૭ એન.ઓ.સી. વિના ધમધમે છે

ગાંધીનગર, તા.૨૩

રાજયના પાટનગરમાં ફાયર સેફટીને લઈ નગરજનોની બેદરકારી સામે આવી છે. તાજેતરમાં અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં આગની ઘટના સર્જાઈ હતી. જેમાં કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓના મૃત્યુ થયા હતા. આ ઘટના બાદ રાજયની મહાનગર પાલિકા વિસ્તારમાં ફાયર સેફટી અંગે હાઈકોર્ટમાં અરજી થઈ હતી. આ અરજીને પગલે રાજય સરકારે કોર્ટમાં એકશન ટેકન રિપોર્ટ રજુ કર્યો છે જેમાં ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલા સરકારી-ખાનગી સહિત કુલ ૭૦૯ એકમમાંથી માત્ર ૧૨૨ પાસે જ ફાયર એન.ઓ.સી. હોવાનું સામે આવ્યું છે જયારે ૫૮૭ એકમો ફાયર એન.ઓ.સી. વિના જ કાર્યરત હોવાનું ધ્યાને આવ્યું છે.

**ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ૨૨ બેંકમાંથી એક જ બેંક પાસે ફાયર એન.ઓ.સી. છે જયારે ૩૫ જીમમાંથી એક પણ પાસે ફાયર એન.ઓ.સી. નથી**

શિક્ષણ નગરી ગણાતા ગાંધીનગરમાં જ ફાયર સેફટી મુદ્દે નગરજનો આટલી બેદરકારી કેમ દાખવી રહ્યા છે તે સમજાતું નથી. મળતી વિગત મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારી ખાનગી ૭૯ જેટલી શાળા કોલેજ આવેલી છે. જેમાંથી માત્ર ૧૧ પાસે જ ફાયર એન.ઓ.સી. છે જયારે બાકીની ૬૮ શાળા કોલેજ એન.ઓ.સી. વિના ધમધમી રહી છે. જયારે એકેડમી, કલાસીસ-લાયબ્રેરી અને કોમ્પ્યુટર લેબ સહિતના ૧૨૪ એકમમાંથી માત્ર ગણ્યા ગાંઠયા એટલે કે ૧૩ એકમો પાસે જ એન.ઓ.સી. છે. બાકી ૧૧૧ એકમ એન.ઓ.સી. વિના બિન્દાસ્ત ચાલી રહ્યા છે. શહેરમાં ખાનગી દવાખાના, કલીનીક, નર્સિંગ-હોમ સહિત ૬૪ એકમ આવેલા છે જેમાંથી ૧૨ પાસે એન.ઓ.સી. છે બાકી ૫૧ પાસે નથી.

પાટનગરમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૧૭૩ મોટી બિલ્ડીંગ આવેલી છે. જેમાંથી ૩૬ પાસે ફાયર એન.ઓ.સી. છે જયારે એન.ઓ.સી. વિના ૧૩૭ ઈમારતો ધમધમી રહી છે. શહેરના સેકટર-૨૫ અને ૨૮ જીઆઈડીસી વિસ્તારમાં ૩૧ ઈન્ડસ્ટ્રીઝ આવેલી છે. જૈપૈકી ૫ ઈન્ડસ્ટ્રીઝ પાસે એન.ઓ.સી. છે જયારે ૨૬ એકમો ફાયરના નિયમોની ઐસી કી તૈસી કરી ચાલી રહ્યા છે. આ ઉપરાંત શહેરમાં પેટ્રોલ-સીએનજીના ૧૮ ગેસ સ્ટેશનમાંથી માત્ર ૨ પાસે ફાયર એન.ઓ.સી. છે જયારે ૧૬ પેટ્રોલપંપ ચાલકોએ એન.ઓ.સી. રીન્યુ



કરાવવાની તસ્દી લીધી નથી. શહેરમાં સરકારી ખાનગી ૨૨ બેંક આવલી છે. જેમાં રોજનો કરોડો રૂપિયાનો વ્યવહાર થાય છે. હજ્જારો નાગરિકો બેંકમાં આવન-જાવન કરે છે તેમ છતાં ૨૨ બેંકમાંથી માત્ર ૧ બેંક પાસે જ એન.ઓ.સી. છે ૨૧ બેંક પાસે એન.ઓ.સી. નથી. શહેરના ૩૫માંથી એક પણ જીમ પાસે ફાયર એન.ઓ.સી. નથી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને અન્ય બે હોસ્પિટલ તેમજ બે ખાનગી હોસ્પિટલ પાસે ફાયરની સુવિધા છે, સહયોગ બિલ્ડીંગ, કલેકટર કચેરી, કોર્પોરેશન ઈમારત અને સિવિલ ઈમારત પાસે ફાયરનું એન.ઓ.સી. છે જયારે પ્રાપ્ત વિગત મુજબ શહેરની મધ્યમાં આવેલ ઉદ્યોગ ભવનની બિલ્ડીંગ પાસે નિયમ મુજબ સિસ્ટમ નથી, પોલીસ ભવન ખાતે સિસ્ટમ બરાબર નથી. જીઓ ઈનકોમેટ્રિકસ સેન્ટર, સર્કિટ હાઉસ, મેડિકલ કોલેજ, હોસ્ટેલમાં ફાયર એન.ઓ.સી. નથી તો બીજી તરફ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે પણ ફાયર સેફટીની સુવિધાનો અભાવ છે. ગાંધીનગરમાં ૭૦૯ એકમમાંથી માત્ર ૧૨૨ પાસે ફાયર એન.ઓ.સી. છે જો બીજી બાજુ ૫૮૭ એકમો ફાયર એનઓસી વિના ધમધમી રહ્યા છે તે શરમજનક બાબત છે.

શહેરમાં ફાયર એન.ઓ.સી. વિના ચાલી રહેલા એકમોમાં સરકારી ખાનગી ઈમારતો, ઈન્ડસ્ટ્રીઝ, પેટ્રોલ પંપ, બેંક, જીમ, સરકારી શાળા-કોલેજ, લાયબ્રેરી, કલાસીસ, લેબ, દવાખાના સહિતના એકમોને ફાયર સુવિધાના અભાવે નોટીસ તંત્ર દ્વારા અપાય છે પરંતુ નાગરિકો નોટીસને ઘોળીને પી જાય છે. ફાયર એન.ઓ.સી. મેળવવા વ્યકિતઓ બેદરકારી દાખવે છે જેનો નિર્દોષ નાગરિકો ભોગ બને છે જયારે ફાયર સેફટી વિના ધમધમતા એકમને સીલ કરવાની સત્તા તંત્ર પાસે છે. ફાયર વિભાગ પાસે નથી. જેથી ફાયર વિભાગ એન.ઓ.સી વિના ચાલતા એકમો માટે નખ વિનાનો સિંહ સાબિત થાય છે.

## આખરે સે-૩ ન્યુ ફરતે કંપાઉન્ડ દિવાલનું કાર્ય આરંભાયું





ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરને વિકસાવાયું ત્યારે દરેક સેકટરને સલામતી માટે પ્રોટેકશન વોલ હોય તે રીતનું આયોજન કરવામાં આવ્યું હતું જો કે કાળક્રમે આ કમ્પાઉન્ડ વૉલ મોટા ભાગના સેકટરોમાંથી દૂર થઈ જવા પામી છે. જો કે શહેરના છેવાડના સેકટર-૩ ન્યુના રહીશો દ્વારા તેમના સેકટરને શરૂઆતથી જ આ સુવિધા પ્રાપ્ત થઈ નહોતી અને છેવાડાનું સેકટર હોવાથી ચોરી, ગેરકાયદેસર હંગામી દબાણો સહિતના પ્રશ્નો સતાવી રહ્યા હતા જેના કારણે સેકટર-૩ ન્યુ વસાહત મંડળના નેજા હેઠળ અનેકવાર સેકટર ફરતે કમ્પાઉન્ડ દિવાલ બનાવવા માંગ કરવામાં આવી રહી હતી જે માંગ સ્વીકારવામાં આવી છે અને તાજેતરમાં જ તેનું ખાતમુહુર્ત કરી દિવાલ બનાવવાનું કાર્ય ધમધોકાર શરૂ કરી દેવામાં આવ્યું છે.

સેકટર-૩ ન્યુ ફરતે પ્રોટેકશન વોલના બાંધકામ કાર્યનું ખાતમુહુર્ત વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાના હસ્તે કરવામાં આવ્યું હતું. વસાહત મંડળના સઘન પ્રયાસો ઉપરાંત સ્થાનિક કોર્પોરેટરો અને મેયર રીટાબેન પટેલના હકારાત્મક અભિગમના પરિપાકરૂપે તા. ૯મી ઓકટોબરના રોજ બપોરે ૧૨.૩૯ કલાકે શુભ મુહુર્તમાં આ ખાતમુહુર્ત સંપન્ન થયુ હતું. આ સાથે સેકટર-૩ ન્યુમાં બાળકો માટે આંગણવાડીનું કામ, બગીચો વિકસાવવાનું તેમજ સાફસફાઈ અંગે પણ સારી રીતે થઈ રહેલા કાર્યો બાબતે વસાહત મંડળ સહિત સ્થાનિક રહીશો દ્વારા મનપાના મેયર સહિત કોર્પોરેટર્સ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવામાં આવી છે. ખાતમુહુર્ત પ્રસંગે સે-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા ઉપરાંત હોદ્દારો ઉપસ્થિત રહ્યા હતા.

## વાવોલમાંથી વિદેશી દારુના ટ્રેટા પેક-૨૬૪ સાથે એક યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

વાવોલ વિસ્તારમાંથી વિદેશી દારુના ટ્રેટા પેક નંગ ૨૬૪ સાથે એક યુવકને સેકટર-૭ પોલીસે ઝડપી પાડયો છે. પોલીસે યુવક પાસેથી રૂ. ૧૮,૪૮૦ના વિદેશી દારુના ૨૬૪ ટ્રેટા પેક, ૨ હજારના બે મોબાઈલ અને રૂ. ૪ લાખની એકસેન્ટ ગાડી મળી કુલ રૂ. ૪,૨૦,૪૮૦નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકનો સ્ટાફ વાવોલ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતો તે સમયે પોલીસ કોન્સ્ટેબલ રાકેશકુમારને બાતમી મળી હતી. જેથી પોલીસે વાવોલમાંથી એકસેન્ટ ગાડી નં. જીજે ૦૧ એચ.ટી. ૪૧૮૯ સાથે યુવકને પકડી પાડયો હતો. જયારે પોલીસે ગાડી ચેક કરતા તેમાંથી વિદેશી દારૂના ૨૬૪



ટ્રેટા પેક મળી આવ્યા હતા. પોલીસે યુવકનું નામ પુછતા અરવિંદસિંહ લુબ્મસિંહ ચૌહાણ (ઉ.વ. ૩૭) રહે. પેથાપુર રીવર હાઈટસ ફલેટ નં. ૧૦૨ સંજરી પાર્ક હોવાનું જણાવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી ટ્રેટા પેક નંગ ૨૬૪, ૪ લાખની ગાડી અને ૨ હજારના મોબાઈલ મળી કુલ રૂ. ૪,૨૦,૪૮૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટર-૨૯માં ચોરીનો પ્રયાસ

ગાંધીનગર, તા.૨૩

કોરોનાને કારણે લોકડાઉનમાં ઘણા લોકો બેરોજગાર થયા છે અને હવે અનલોક થતાં જ ચોરના બનાવો શહેરમાં ખૂબ વધી રહ્યા છે. શહેરના સેકટર-૨૯ ખાતે આવેલા રંગમંચ સામે આવેલા ચ ટાઈપ રહેણાંક વિસ્તારમાં મકાનનું તાળુ તસ્કરોએ તોડયું હતું. પરંતુ ઘરમાંથી કોઈ ચીજવસ્તુની ચોરી થવા પામી નથી. જેથી આ મુદ્દે કોઈ ફરિયાદ સે-૨૧ પોલીસ ચોપડે નોંધાઈ નથી.

## જન્મદિને વધામણી



**યાના**
**વિપુલકુમાર નાયી**
**મો. ૯૫૭૪૧૨૧૯૮૬**



**મિત્તલબેન**
**અનિલકુમાર નાયી**
**મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫**



**અંજલિબેન પુરોહિત**
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના



ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે સૌથી ઝેરી ગણાતો રસેલ વાયપર સાપ જોવા મળ્યો હતો. પ્રકૃતિ્ પ્રેમી પંકજભાઈ ભૂરીયા તેમજ દિપકભાઈ પ્રજાપતિએ ભારે જહેમત બાદ આશરે સાડા ચાર ફુટ લંબાઈના રસેલ વાયપર સાપને પકડી લઈ જંગલ વિસ્તારમાં છોડી દીધો હતો.

## લો બોલો... સ્માર્ટ પાટનગરના સે-૪માં એક પણ બેંકનું એટીએમ નથી...!!

**આશરે પાંચેક હજારની વસ્તી ધરાવતા સે-૪માં લાંબા સમયથી એટીએમની માંગ : સ્થાનિક કોર્પોરેટરની વારંવાર રજૂઆતો છતાં વસાહતીઓ પાયાની સુવિધાથી વંચિત**

ગાંધીનગર, તા.૨૩

ભારતના વડાપ્રધાને જનધન યોજના થકી દેશના છેવાડાના માનવીનું પણ બેંક ખાતુ હોય તે માટે ઝીરો બેલેન્સથી ખાતા ખોલવાની સુવિધા કરી આપી જેથી આ નાગરિકોને સરકારી યોજનાઓનો લાભ પુરોપુરો તેમના ખાતામાં પ્રાપ્ત થઈ શકે એટલું જ નહીં તે પણ પોતાના નાના મોટા આર્થિક વ્યવહારો માટે બેંકની સુવિધાઓનો ઉપયોગ કરતા થાય તો દેશમાં કાળા નાણાં પર નિયંત્રણ મેળવી શકાય. જો કે રોજ બરોજના અનેક વ્યવહારો માટે રોકડ નાણાંની પણ જરૂર ખૂબ પડતી હોય છે તેથી બેંક ખાતા ધારકને પોતાના રહેઠાણની નજીકમાં એટીએમ સુવિધા પણ પ્રાપ્ત થાય તે એટલું જ જરુરી છે. જો કે વડાપ્રધાનના ગૃહ રાજય જેને તેઓ મોડેલ સ્ટેટ તરીકે પણ હંમેશા પ્રસ્તુત કરતા આવ્યા છે તેવા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સેકટર-૪માં પાંચેક હજાર જેટલાં નાગરિકોનો વસવાટ હોવા છતાં એક પણ એટીએમ કેન્દ્રની સુવિધા ઉપલબ્ધ નથી. આ સુવિધા માટે સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા લાંબા સમયથી રજુઆતો કરવામાં આવી રહી છે છતાં તે માટે હજુ પણ કોઈ બેંક દ્વારા તૈયારી દર્શાવવામાં આવતી નથી તે અચરજ ભર્યું બની રહ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાટનગરને સ્માર્ટ સીટી જાહેર કરવા ઉતાવળ કરાઈ રહી છે અને સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત અનેક પ્રકારના વિકાસ કાર્યો હાથ ધરાયા છે જેમાં ડિજીટલ ઈન્ડિયાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. વળી, સ્માર્ટસીટીમાં દરેક નાગરિકને બેંકીંગ જેવી પાયાની સુવિધા શકય હોય તેટલી હાથવગી પ્રાપ્ય બને તે એટલું જ જરુરી છે. ગાંધીનગરના છેવાડાના સેકટર-૪માં લાંબા સમયથી સ્થાનિક રહીશોની માંગણી છે કે તેમના સેકટરમાં એટીએમ કેન્દ્ર હોય જેથી અહીં વસતા સિનિયર સિટીઝન્સ કે મહિલાઓ-વિદ્યાર્થીઓ સહિતના નાગિરકોને રાત્રીના સમયે પણ આકસ્મિક રોકડા નાણાંની જરૂર પડે તો તેનો ઉપયોગ કરી શકે. વળી, અત્યારે કોરોના મહામારીનો કાળ ચાલી રહ્યો છે ત્યારે આરોગ્ય વિષયક સેવાઓ માટે કોઈને પણ અચાનક બેંક ખાતામાંથી નાણાં ઉપાડવાની જરૂર પડી શકે છે. તેજ રીતે અન્ય જીવનજરુરી ચીજવસ્તુ કે આકસ્મિક જરૂરિયાત માટે રોકડ નાણાંની જરુર પડી શકે છે. વોર્ડનં.૮ના સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા અગાઉ પણ બે વાર શહેરની મુખ્ય બેંકો સહિત સંલગ્ન વહીવટી કક્ષાએ લેખિત રજુઆતો કરવામાં આવી ચુકી છે જેમાં તેમણે વસાહતીઓની અગત્યની સુવિધા તરીકે એટીએમ કેન્દ્રની જરુરિયાત પુરી કરવા માંગ કરી છે, એટલું જ નહી તેમણે જો કોઈ બેંકને એટીએમ કેન્દ્ર શરુ કરવા યોગ્ય જગ્યાની જરુર હોય તો તે માટેનો વિકલ્પ પણ તૈયાર કરીને સૂચવ્યો છે જેમાં સેકટર-૪ના શોપીંગ સેન્ટર પાસેના ન્યુ કોમ્પ્લેક્ષમાં એટીએમ થઈ શકે તેવી કોમર્શિયલ જગ્યા દર્શાવી છે. સે-૪માં સત્વરે એટીએમ સુવિધા શરુ થાય તે ઈચ્છનીય જણાઈ રહ્યું છે.

# શહેરના કપડા બજારમાં ઘરાકી વધી

ગાંધીનગર, તા.૨૩

કોરોનાને કારણે છેલ્લા ઘણા સમયથી શહેરના બજારોમાં ઘરાકી ઓછી જોવા મળતી હતી. પરંતુ છેલ્લા ત્રણેક દિવસથી બજારમાં અને ખાસ કપડા બજારમાં ખાસ ભીડ જોવા મળી રહી છે. શહેરના સે-૨૧, સે-૭, સે-૨૯, ઈન્ફોસીટી અને કુડાસણ વિસ્તારના શૉ રૂમમાં ભીડ શરૂ થઈ ગઈ છે. આમેય છેલ્લા છએક મહિનાથી શહેરીજનો કામકાજ વગર બહાર નીકળ્યા નથી અને પ્રવાસે પણ ગયા નથી. ઉપરાંત આ સમય દરમિયાન આવતા તહેવારોની ઉજવણી પણ સરકાર દ્વારા ઘરે જ કરવાની જાણ કરવામાં આવી હતી. એટલે ખાસ કાંઈ ખરીદી થઈ શકી નહી એટલે હવે ધીમે



ધીમે શહેરીજનો ઘરના એક-બે કામ સાથે દિવાળીની ખરીદીની શરૂઆત કરી રહ્યા છે. તે સાથે આગળના મહિનાઓમાં ઘણા લગ્ન રદ્દ થયા એટલે હવે લગ્નસરાની મોસમ પણ આવી રહી છે ત્યારે લોકડાઉન અને એ પછીના દિવસો બાદ હવે શહેરીજનો શહેરના બજારમાં દેખા દઈ રહ્યા છે.

**કોરોના બાદ શહેરીજનોની ખરીદ શકિત ઘટી છે ત્યારે લોકડાઉન દરમિયાન ઘણાને ધંધો ખોટમાં આવી ગયો છે અથવા તો આવક પહેલા જેટલી થઈ જ નથી ત્યારે શહેરીજનો સોનાની ખરીદી કરતા પાછા પડી રહ્યા છે તદઉપરાંત સોનાના ભાવમાં પણ ઉતાર ચઢાવ આવી રહ્યા છે ત્યારે તમામ સોનું ખરીદવાનું ટાલી રહ્યા છે. અને હવે લગ્નો પણ ધામધૂમથી થવાના નથી ત્યારે સામાન્ય ઘરેણાં બનાવડાવી સોનાની લગડી જ દીકરી સાસરે લઈ જશે અને તેને ભવિષ્યમાં જેવું ગમે તેવી ડિઝાઈન બનાવડાવશે તેમ શહેરના માતા-પિતાઓનું પણ કહેવું છે.**

રેડીમેડ ગારમેન્ટની દુકાનો તથા શૉ-રૂમ લોકડાઉન દરમિયાન બંધ રહ્યા અને ત્યાર બાદ ખુલ્યા અને વચ્ચે તહેવારો પણ આવ્યા છતાંય અહીં ખાસ ભીડ જોવા મળતી ન હતી પરંતુ હાલ નવરાત્રી પૂર્ણ થવાના આરે છે અને દિવાળી નજીકમાં જ છે ત્યારે શહેરીજનો ખાસ કપડાની ખરીદી કરી રહ્યા છે તેમાંય ખાસ લગ્ન સિઝન આવતી હોવાથી ટ્રેડીશનલવેર ખરીદવાનું ચલણ વધુ છે જેથી તે દિવાળીમાં પણ પહેરી શકાય અને લગ્નોમાં પણ.

શહેરના ફેશન ડિઝાઈનર તથા ટેલર પાસે પણ હાલ એપોઈન્ટમેન્ટ લઈને જવાનો વારો આવે છે તમામની લગ્ન સિઝન સાથે દિવાળી સિઝન બુકડ છે. આમ, કોરોનાના લીધે થયેલા લોકડાઉન અને તે પછી મંદીના વાતાવરણ બાદ હવે શહેરના કપડા બજારમાં ઘરાકી જોવા મળી રહી છે ત્યારે વેપારીઓને પણ હવે આશા છે કે, દિવાળી સુધીમાં સિઝન આવશે અને તેઓના ધંધામાં વધારો થશે.

## ચિરવિદાય

- સ્વ. ભરતજી વસ્તાજી ઠાકોર, ઉ.વ. ૭૩, રાયસણ, તા. ગાંધીનગર
- સ્વ. સોલંકી વિષ્ણુજી આતાજી, ઉ.વ. ૬૫, આલમપુર, તા. ગાંધીનગર
- સ્વ. જીતેન્દ્રકુમાર વનમાળીદાસ રાવલ, ઉ.વ. ૬૯, મોટા ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. મફાભાઈ ભુદરભાઈ રબારી, ઉ.વ. ૬૨, સેકટર-૨૫, ગાંધીનગર
- સ્વ. બીનાબેન જીતેન્દ્રકુમાર વ્યાસ, ઉ.વ. ૫૨, સેકટર-૧, ગાંધીનગર